# જાહેર નિવિદા

## ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત

## આદિજાતિ વિકાસ વિભાગ

## બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦-એ

## ગાંધીનગર

વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

## કૃષિ વૈવિધ્યકરણ યોજના વર્ષ ૨૦૨૨-૨૦૨૩

## લાભાર્થી પસંદગી માટેની જાહેરાત

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ પાત્રતા ધરાવતા આદિજાતિ ખેડૂતોને મકાઈ / શાકભાજીના બિયારણ તેમજ ખાતર(૧ થેલી ડી.એ.પી. =૫૦ કિ.ગ્રા) અને (૧ થેલી પ્રોમ = ૫૦ કિ.ગ્રા)ની કિટનું વિતરણ કરવામાં આવશે. આ યોજના હેઠળ ૦ થી ૨૦ બી.પી.એલ. સ્કોર ધરાવતા યોજના હેઠળ પસંદગી પામનાર આદિજાતિ કુટુંબદીઠ એક જ કિટ મળવા પાત્ર થશે. જે આદિજાતિ ખેડૂતો આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ **www.dsagsahay.gujarat.gov.in** પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટે સંબધિત VCE, ઈ-ગ્રામ કેન્દ્ર, ગ્રામ પંચાયતના કોમન સર્વિસ સેન્ટર, સાયબર કાફે તથા ઈન્ટરનેટ કનેકશન અને સ્કેનર ધરવતા કોઈ પણ કોમ્પ્યુટર ઉપરથી કરી શકાશે.

| | |
|---|---|
| ઓનલાઈન અરજી શરૂ થવાની તારીખ | ૦૧/૦૪/૨૦૨૨ |
| ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ | ૩૦/૦૪/૨૦૨૨ |

| મકાઈના બિયારણ માટેના જીલ્લા :- | શાકભાજીના બિયારણ માટેના જીલ્લા:- |
|---|---|
| (૧) બનાસકાંઠા (૨) સાબરકાંઠા (૩) અરવલી (૪) મહિસાગર (૫) દાહોદ (૬) પંચમહાલ (૭) છોટાઉદેપુર. | (૧) નર્મદા (૨) ભરૂચ (૩) તાપી (૪) સુરત (૫) નવસારી (૬) વલસાડ (૭) ડાંગ |

અરજદાર માટેની સુચના:-

૧. અરજદારએ કિટ મળ્યેથી રૂ. ૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ) લોકફાળા પેટે જમા કરવવાના રહેશે.
૨. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ પછી અરજદાર અરજી કરી શકશે નહિ.
૩. શાકભાજીના બિયારણ પૈકી કોઈ પણ એક જ બિયારણ મળવા પાત્ર થશે.
૪. યોજના હેઠળ માત્ર ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવશે. કોઈ પણ કચેરીએથી અરજી ફોર્મ વિતરણ કરવામાં આવનાર નથી.
૫. અરજી માટેના આધાર પુરાવા (રાશનકાર્ડ, આધારકાર્ડ, ૭/૧૨ નમુનો બી.પી.એલનો દાખલો અને પાસપોર્ટ સાઈઝનો ફોટો)

મુખ્ય કારોબારી અધિકારી
ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
ગાંધીનગર

**માહિતી/૩૫૪૦/૨૧-૨૨**